e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 122
October. 05, 2007

## પૂ.મહાત્મા ગાંધીજીની ૧૩૮ મી જન્મ જયંતિ પ્રસંગે તા.૨/૧૦/૦૭ના રોજ સુરત મહાનગર સેવા સદન દ્વારા યોજાયેલ કાર્યક્રમ



પૂ.મહાત્મા ગાંધીજીની ૧૩૮ મી જન્મ જયંતિ પ્રસંગે તા.૨/૧૦/૦૭ના રોજ સુરત મહાનગર સેવા સદન તરફથી ચોકબર સ્થિત ગાંધીપ્રતિમાને સુતરાંજલિ દ્વારા ગાંધીવંદના તથા ત્યાર બાદ સર્વધર્મ પ્રાર્થનાનો કાર્યક્રમ ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન) ખાતે રાખવામાં આવ્યો હતો .

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે તા.૧૨/૧૦/૦૭ થી તા.૨૧/૧૦/૦૭ દરમ્યાન ફુડ ફેસ્ટિવલનું આયોજન

સુરત મહાનગર સેવાસદન દ્વારા નવરાત્રિ પર્વ નિમિત્તે તા.૧૨/૧૦/૦૭ થી તા.૨૧/૧૦/૦૭ દરમ્યાન ફુડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવનાર છે. આ પર્વ દરમ્યાન યોજાનાર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે દોઢિયા સ્પર્ધા વરાછાઝોન વિસ્તારમાં વરાછાઝોન ઓફિસ સામે આવેલ ક્રાંતિ મેદાન ખાતે જે યુવક/યુવતીઓ/સંસ્થાઓ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી હોય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

સવાણી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના હીરાની સરણ માંજવાના કારખાનાઓ સીલ કરવા બાબત ...
પૂર્વઝોન (વરાછા) માં લારીઓનું દબાણ દૂર કરવાની કામગીરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "નિર્મળ ગુજરાત – ૨૦૦૭" ના વર્ષની ઉજવણીના ભાગ રૂપે સફાઈ કામદારોનુ સન્માન

ગુજરાત સરકારશ્રી દ્વારા સને.૨૦૦૭ના વર્ષને "નિર્મળ ગુજરાત – ૨૦૦૭" વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે. "નિર્મળ ગુજરાત – ૨૦૦૭" ના વર્ષની ઉજવણીના ભાગ રૂપે સુરત મહાનગર સેવાસદનના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા જુદા જુદા ઝોનના કુલ ૨૮ સફાઈ કામદારોને તેઓની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રોકડ રકમ તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવાનો કાર્યક્રમ તા.૩/૧૦/૦૭ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સુરત મહાનગર સેવાસદનની મુખ્ય કચેરી ખાતે મા.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવેલ.



વધુ માટે કલીક કરો >>>>>>

# પૂ.મહાત્મા ગાંધીજીની ૧૩૮ મી જન્મ જયંતિ પ્રસંગે તા.૨/૧૦/૦૭ના રોજ સુરત મહાનગર સેવા સદન દ્વારા યોજાયેલ કાર્યક્રમ



પૂ.મહાત્મા ગાંધીજીની ૧૩૮ મી જન્મ જયંતિ પ્રસંગે તા.૨/૧૦/૦૭ના રોજ સુરત મહાનગર સેવા સદન તરફથી ચોકબર સ્થિત ગાંધીપ્રતિમાને સુતરાંજલિ દ્વારા ગાંધીવંદના તથા ત્યાર બાદ સર્વધર્મ પ્રાર્થનાનો કાર્યક્રમ ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન) ખાતે રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મા.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, પાણી પુરવઠામંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, ડે.મેયર શ્રીમતી ડો.સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, બાબુભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભુવા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તથા શહેરીજનોએ પૂ.બાપુની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. આ પ્રસંગે ચં.ચી.મહેતા નાટયગૃહ (રંગઉપવન) રાખવામાં આવેલ સર્વ ધર્મ પ્રાર્થનાના કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંગીત વર્તુળની પ્રાથનાથી થઈ હતી. આ પ્રસંગે હાજર રહેલા હિંદુ ધર્મગુરૂ શ્રી નિલકંઠભાઈ શુકલ, મુસ્લીમ ધર્મગુરૂ શ્રી શેખ અબ્દુલ્લા શેખ અહમદ, પારસી ધર્મગુરૂ દસ્તુરજી નોશીરવાન મંચેરશા દસતુર, ખ્રિસ્ત્રી ધર્મગુરૂ શ્રી રેવ.સંજીવ કિશ્ચન તથા શીખ ધર્મગુરૂ શ્રી હરબિન્દર સીંગજી વિગેરેએ પોતાના ધર્મોની પ્રાથના રજુ કરી ગાંધીજીના ''સર્વ ધર્મ સમાન'' ની ભાવનાને ચરિતાર્થ કરી હતી. પૂ.ગાંધીજીના કાર્યો તથા તેઓશ્રીએ દેશના ભાવિ માટે આપેલા યોગદાન અને બલિદાનને યાદ કરી પૂ.બાપૂએ ચિંધેલા રાહ પર સૌને ચાલવાની શીખ આપી હતી.

આ પ્રસંગે જીવન ભારતી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રેંટિયા કાંતણ દ્વારા પૂ.ગાંધીજીના પ્રિય રેંટિયાને તથા ખાદી પહેરવાની તેમની સ્વદેશી ભાવનાને યાદ કરવમાં આવી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના બાળકોએ પૂ.ગાંધી બાપૂ વિશે વકતવ્ય રજુ કર્યા હતા. ન.પા.શિ.સમિતિ સંગીત વર્તુળ તરફથી ગાંધીજીના પ્રિય ભજનો ''વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે'' તથા ''રઘુપતિ રાધવ રાજારામ'' જેવા ભજનો ગાઈને પૂ.બાપુને યાદ કરાયા હતા. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અંતમાં રાષ્ટ્રસ્તુતિ ''વંદે માતરમ્'' ગાઈને સમારંભનુ સમાપન કરવામાં આવ્યું હતું.

TOP

## સુરત મહાનગર સેવાસદન દ્વારા નવરાત્રિ  પર્વ નિમિત્તે તા.૧૨/૧૦/૦૭ થી તા.૨૧/૧૦/૦૭ દરમ્યાન ફુડ ફેસ્ટિવલનું આયોજન

સુરત મહાનગર સેવાસદન દ્વારા નવરાત્રિ  પર્વ નિમિત્તે તા.૧૨/૧૦/૦૭ થી તા.૨૧/૧૦/૦૭ દરમ્યાન ફુડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવનાર છે. આ પર્વ દરમ્યાન યોજાનાર વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે દોઢિયા સ્પર્ધા  વરાછાઝોન વિસ્તારમાં વરાછાઝોન ઓફિસ સામે આવેલ  ક્રાંતિ મેદાન ખાતે જે યુવક/યુવતીઓ/સંસ્થાઓ  સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી હોય, તેમણે પોતાના નામો સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મુગલીસરા, સુરત ખાતે રજાના દિવસો સિવાય તા.૦૮/૧૦/૦૭ સુધીમાં મોકલી આપવા વિનંતી. ત્યારબાદ આવેલ નામોનો સમાવેશ કરવામાં આવશે નહીં. વહેલા તે પહેલાના ધોરણે મળેલ નામોનો જ સમાવેશ કરવામાં આવશે.

TOP

# પૂર્વઝોન (વરાછા) ની કામગીરી

## સવાણી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના હીરાની સરણ માંજવાના કારખાનાઓ સીલ કરવા બાબત

સુરત મહાનગર સેવાસદન પૂર્વઝોન (વરાછા) ખાતે કોહિનૂર સવાણી, ડાયમંડ પાર્ક, કમલા એસ્ટેટ, મહાદેવનગર, સ્વામીનારાયણનગર વગેરે વિસ્તારોમાં હીરાની સરણ માંજવાના ગ્રાઈડીંગના કારખાનાઓમાં ધંધાકીય પ્રવૃત્તિ બાદ ઉત્પન્ન થતો માટી જેવો ચીકણો કચરો તે વિસ્તારના યુનિટો મારફતે વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાને બદલે સવાણી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના કન્ટેનર સ્પોટ પર નાંખી જતા હોય, આ અંગે જાહેર ન્યુસન્શ થતું હોય, તેમજ ચીકણી માટી–સુકાઈને સીમેન્ટ–પત્થર જેવી થવાથી નજીકની ડ્રેનેજ લાઈનો પણ ચોકીંગ થતી હોય, તેમજ આ બાબતે જાહેર જનતાની ફરીયાદ પણ રહેતી હોય, આજરોજ તા.૦૩/૧૦/૦૭ ના રોજ આ વિસ્તારમાં આવી ૧૭ (સત્તર) જેટલી સંસ્થાઓના ધંધાકીય વેચાણ બંધ કરાવેલ તેમજ સીલ મારવામાં આવેલ છે.

જે અનુસંધાને ઉપરોકત કુલ ૧૭ (સત્તર) સંસ્થાઓ પાસેથી તેઓનો ધંધાકીય કચરો–તેઓના ખર્ચે અને જોખમે તેમના રાખેલ ખાનગી વાહન/ટ્રેકટરમાં નિકાલ કરવા જણાવેલ છે. જે અંગે તેમના તરફથી મૌખિક સંમતિ પણ મેળવેલ છે અને આ પ્રમાણે જાહેર ન્યુશન્સ થતું અટકાવેલ છે.

પૂર્વઝોન (વરાછા) ના અન્ય વિસ્તારોમાં પણ આ પ્રમાણે વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ બાબતનો બહોળો પ્રચાર/પ્રસાર કરવા વિનંતી.

## પૂર્વઝોન (વરાછા) માં લારીઓનું દબાણ દૂર કરવાની કામગીરી

(૧) પૂર્વઝોન (વરાછા) ટી.પી.સ્કીમ નં.૪(અ.કુમાર–નવાગામ) વિસ્તારમાં સવાણી એસ્ટટ વિસ્તારમાંથી તા.૨૬/૦૯/૦૭ ના રોજ કુલ–૧૮ લારી દુર કરી જપ્ત કરવામાં આવેલ છે.

(૨) પૂર્વઝોન (વરાછા) ટી.પી.સ્કીમ નં.૪(અ.કુમાર–નવાગામ) વિસ્તારમાં સવાણી એસ્ટટ વિસ્તારમાંથી તા.૦૩/૧૦/૦૭ ના રોજ કુલ–૧૨ લારી દુર કરી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## ''નિર્મળ ગુજરાત – ૨૦૦૭'' ના વર્ષની ઉજવણીના ભાગ રૂપે સફાઈ કામદારોનુ સન્માન



ગુજરાત સરકારશ્રી દ્વારા સને.૨૦૦૭ના વર્ષને ''નિર્મળ ગુજરાત – ૨૦૦૭'' વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે. ''નિર્મળ ગુજરાત – ૨૦૦૭'' ના વર્ષની ઉજવણીના ભાગ રૂપે સુરત મહાનગર સેવાસદનના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા જુદા જુદા ઝોનના કુલ ૨૮ સફાઈ કામદારોને તેઓની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રોકડ રકમ તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવાનો કાર્યક્રમ તા.૩/૧૦/૦૭ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સુરત મહાનગર સેવાસદનની મુખ્ય કચેરી ખાતે મા.મેયરશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવેલ. જેમાં મા.ડે.મેયરશ્રી તથા શાસક પક્ષના નેતાશ્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. કુલ ૨૮ સફાઈ કામદારોને મા.મેયરશ્રી, મા.ડે.મેયરશ્રી, શાસક પક્ષના નેતાશ્રી, ડે. કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) તેમજ આરોગ્ય અધિકારીશ્રીના વરદ હસ્તે પ્રમાણપત્ર તથા રોકડ રકમ ઈનામ તરીકે આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સુરત મહાનગર સેવાસદનના વિવિધ ઝોનના આસી./નાયબ આરોગ્ય અધિકારશ્રી, ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રી, સેનેટરી ઈન્સ્પેકટરશ્રી,મુકાદમ વિગેરે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

''નિર્મળ ગુજરાત – ૨૦૦૭'' વર્ષ કાર્યક્રમ અંતર્ગત માહે ડીસેમ્બર–૦૭ સુધી દરેક ઝોનમાંથી દર બે માસે સફાઈ કામદારોની પસંદગી કરી પ્રમાણપત્ર તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવનાર છે.

TOP